## પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સૂચનાઓ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૦૪/૬૬૧/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 1 APR 2008

સંદર્ભ :-
(૧) શિ. વિ. નો તા. ૪-૬-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૦૪-૬૬૧-ક,
(૩) શિ. વિભાગનો તા. ૮-૮-૦૬ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૦૪-૬૬૧-ક,

ઠરાવ :-

રાજ્યમાં જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓના શિક્ષકો/ વિદ્યાસહાયકોની બદલીઓ અંગેની કાર્યપધ્ધતિ સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. તે ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૨) શિક્ષક વધની બદલીઓ:-**

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવની જોગવાઈ ૨ (૫) અને (૧૧) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવેછે.

૨(૫): વધની બદલીઓમાં જુનિયર શિક્ષક/ વિદ્યાસહાયકના બદલે શાળાના અન્ય કોઈ શિક્ષક માંગણીથી બદલવા માંગતા હોય અને તે અંગે તેઓ લેખિત સંમતિ આપે તો તેમને કેમ્પમાં ઉપસ્થિત રાખી જુનિયર શિક્ષક/ વિદ્યાસહાયક ને બદલે આવા માંગણીદાર શિક્ષકની બદલી કરવાની રહેશે. આ બદલી માત્ર કેમ્પમાં જ કરી શકાશે. આવો માંગણીદાર શિક્ષક ભવિષ્યમાં ત્રણ વર્ષ સુધી બદલી માટે હકકદાવો કરી શકાશે નહી.

૨(૧૧): શિક્ષક વધના લીધે બદલવામાં આવેલ શિક્ષક /વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં બે વર્ષની સમય-મર્યાદામાં પ્રથમ ઘટ ઉભી થાય ત્યારે જો બદલીની માંગણી કરે તો તેવા શિક્ષક/ વિદ્યાસહાયકની મૂળ શાળામાં (સ્ટેશનમાં) બદલીની પ્રથમ તક આપવાની રહેશે. દિવાળી વેકેશનમાં આવી તક આપવી. વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હકક રહેશે. અને મૂળ શાળામાં વધમાંથી બદલી કરેલ શાળાની સિનિયોરીટી ધ્યાને લેવાની રહેશે.

(૭) જિલ્લા ફેર બદલી :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવની જોગવાઈ ૭ (૧૩) અને ૭ (૧૯) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૭(૧૩): પ્રાથમિક શિક્ષક દંપતીએ લગ્ન અંગેનું લગ્ન નોંધણી રજીસ્ટારનો દાખલો રજુ કરવાનો રહેશે. કોઈપણ શિક્ષકે રજુ કરેલ પ્રમાણપત્રો ખોટા માલુમ પડશે તો નોકરીમાંથી બરતરફ કરવાને પાત્ર ઠરશે. અને તેઓ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

૭(૧૯): જિલ્લામાં વિદ્યાસહાયકોની નવી ભરતી વખતે ભરતીની ૪૦ ટકા જગ્યાઓ જિલ્લા ફેર બદલીથી ભરવાની રહેશે. ૪૦ ટકા પૈકી ૨૦ ટકા જગ્યાઓ વિધવા, અપંગ, છૂટાછેડા લીધેલ (કોર્ટના આધાર સાથે) તથા પ્રાથમિક શિક્ષક દંપતી (પતિ-પત્ની ના કિસ્સા) થી ભરવાની રહેશે. અને ૨૦ ટકા જગ્યાઓ એક તરફી જિલ્લા ફેરબદલીથી ભરવાની રહેશે. વિધવા, અપંગ, છૂટાછેડા લીધેલ (કોર્ટના આધાર સાથે) તથા પ્રાથમિક શિક્ષક દંપતી (પતિ-પત્ની) ના કિસ્સામાં ૨૦ ટકા જગ્યાઓમાં અરજદારો ન હોવાને કારણે જેટલી જગ્યાઓ ખાલી રહે તેટલી જગ્યાઓ એક તરફી જિલ્લા ફેર બદલીથી ભરવાની રહેશે. અને જિલ્લા ફેરબદલીથી આવનાર શિક્ષકો ન હોય ત્યાં આ જગ્યાઓ વિદ્યાસહાયકથી સીધી ભરતીથી ભરવાની રહેશે. તેમજ જે જિલ્લામાં બેકલોગની જગ્યા ભરવાની થતી હોય ત્યાં ૨૦ ટકા પ્રમાણે જુના નિયમ પ્રમાણે જ જીલ્લા ફેરબદલીની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. ગરાસિયા
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ :-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રા. ગૃહ નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૮) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર
(૯) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૦) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
(૧૧) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
(૧૨) તમામ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
(૧૩) નગરપાલિકા અને નગરપંચાયત (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
(૧૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૫) શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
(૧૬) શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
(૧૭) સિલેકટ ફાઈલ.